| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૦/૧૦/૨૦૨૩ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## કૃષ્ણનગર પો.સ્ટે. વિસ્તારમાંથી નાણાની હારજીતનો જુગાર રમતા કુલ ૧૦ ઈસમોને રોકડા રૂપિયા ૧૭,૨૨,૪૦૦/- મળી કુલ રૂપિયા ૨૨,૩૪,૪૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૧૯.૧૦.૨૩ ના રોજ સ્ટાફના પો.સબ.ઈન્સ. શ્રી બી.આર.ક્રિશ્રીયન તથા પો.સબ.ઈન્સ. શ્રી વી.જી.ડાભી, મ.સ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.મનહરસિહ નહારસિહ બ.ન. ૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.હે.કો.સુખદેવસિહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો.ઈન્દ્રવિજયસિહ દાદુભા બ.ન.૯૨૬૫,અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.વિજેન્દ્ર ભવરલાલ તથા અ.હે.કો. મહાવીરસિહં બળવંતસિંહ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સૈજપુર હીરાવાડી ખાતે આવેલ વંદના પાર્ક સોસાયટીમા આવેલ બજરંગ ડેકોરેશન નામ ની દુકાન નં એ/૧૩ ના પ્રમથ માળે આવેલ દુકાનમાં નાણાંની હારજીતનો જુગાર રમાતા આરોપી નામે બાબુભાઈ રમણભાઈ પટેલ રહે. ૪૦૩, ખાડીયા પોળ, ગામ- ઉનાવા તા.જી.- ગાંધીનગર તથા અન્ય ૦૯ ઈસમો મળી કુલ્લે ૧૦ ઈસમોને ગંજીફાના પાના વડે નાંણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોક્ડા રુપિયા ૧૭,૨૨,૪૦૦/- તથા અન્ય જુગાર રમાવાના સાધનો મળી કુલ્લે રુપિયા ૨૨,૩૪,૪૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી કૃષ્ણનગર પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૩૨૩૦૮૯૨/૨૦૨૩ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) બાબુભાઈ રમણભાઈ પટેલ રહે. ૪૦૩, ખાડીયા પોળ, ગામ- ઉનાવા તા.જી.- ગાંધીનગર તથા રાજપુરોહિત હોટલ ગામ- વાસણીયા મહાદેવ, તા.જી.ગાંધીનગર (૨) ગણપતસિહ ભવાનસિહ વાઘેલા રહે.રતન ટેકરી , ગામ- લેકાવાડા તા.જી.- ગાંધીનગર (૩) અનિમેષકુમાર બબલદાસ પટેલ રહે.એ/૧૦૦૪, સમય સ્કાય ટ્રેક, હરીદર્શન ચાર રસ્તા પાસે નવા નરોડા અમદાવાદ (૪) નરેશકુમાર દલપુજી વાઘેલા રહે.પાવન હોટલની પાછળ ખેતરમાં ગામ- વાસણીયા મહાદેવ, તા.જી.ગાંધીનગર (૫) સંજયકુમાર બલદેવભાઈ પટેલ રહે.એ/૩૦૧, સ્વામ રેસીડેન્સી ભાગવત વિધ્યાપીઠની બાજુમા, સોલા, અમદાવાદ (૬) નરેન્દ્ર પ્રભુદાસ પટેલ રહે.એ/૩૦૧, વિશ્વાસ સિટી- ૧ , શાયોના સિટીની સામે, ચાણકયપુરી, અમદાવાદ (૭) ભુપેન્દ્રભાઈ હરીભાઈ પટેલ રહે.નવી ફળી ગામ- ચોઈલા, તા. બાયડ જીલ્લો- અરવલ્લી (૮) જગાજી ખોડાજી ઠાકોર રહે. હાથીપુરા ગામ રાયસણ તા.જી. ગાંધીનગર (૯) દેવાંગ @ લાલભાઈ હર્ષદભાઈ હરીલાલ ઠક્કર રહે.૨૮, રાજધાની બંગલોજ, દીપક સ્કુલની બાજુમાં નિકોલ નરોડા રોડ અમદાવાદ (૧૦) શૈલેષભાઈ લાલજી પટેલ રહે. ૪૩૧/૨૪૬૪ ગુ.હા.બોર્ડ, પટેલવાડીની સામે, બાપુનગર

**નહી પકડાયેલ આરોપી :**

(૧) અજય પટેલ @ સ્વામી (૨) જગદીશ @ જગો રહે. ઓઢવ

**ગુનાની જગ્યા :**

સૈજપુર હીરાવાડી ખાતે આવેલ વંદના પાર્ક સોસાયટીમા આવેલ બજરંગ ડેકોરેશન નામ ની દુકાન નં એ/૧૩ ના પ્રમથ માળે આવેલ દુકાનમાં

**પકડાયેલ મુદામાલ :**

(૧) રોકડા રુપિયા ૧૭,૨૨,૪૦૦/- (૨) મોબાઈલ ફોન નંગ-૧૨ કિ.રૂ.૨,૦૨,૦૦૦/- (૩) ફોર વ્હીલર તથા ટુ વ્હીલર વાહનો નંગ ૫ કિ.રૂ.૩,૧૦,૦૦૦/- (૫) ગંજીફા ની કેટ નંગ ૪ તથા પાના નંગ ૫૨ કિ.રૂ.૦૦ (૬) ટેક્ષ બિલ કિ.રૂ.૦૦ મળી કુલ્લે રુપિયા રુપિયા ૨૨,૩૪,૪૦૦/ ની મત્તાનો મુદામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૨૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૯ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૭,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી - સમાચાર યાદી નં.૧૭૨૪/૨૦૨૩

**મણીનગરઃ** રાકેશભાઇ હસમુખભાઇ રાણા (ઉ.વ.૪૩)(રહે.ઉત્તમનગર સ્લમ કવાર્ટસ મિહીર ટાવર સામે જવાહર ચોક મણીનગર) એ તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ રાકેશભાઇના ઈ-મેઈલ આઈ.ડી. ઉપર "આદિત્ય બીરલામાંથી રૂપિયા ૨,૦૦,૦૦૦/- લોન મંજુર થયેલ છે" તેવો મે-ઇલ આવતા મોબાઇલ નંબર ૮૯૧૭૦૬૬૫૯ તથા ૮૯૮૧૧૧૨૯૪૦ ના ધારક સાથે વાત કરતા તેઓએ લોન પ્રોસેસ પેટે રાકેશભાઈ પાસેથી તેઓના સમિના યાસ્મીન નામનુ યુ.પી.આઇ આઇ.ડી. ૭૦૭૦૦૦૯૯૪૨ @પેટીએમ તથા શેખર મુખરજી યુ.પી.આઇ આઇ.ડી.નં. ૭૪૩૯૯૪૪૭૭૪ @પેટીએમ દ્વારા ઓન લાઈન રૂપિયા ૬૪,૩૯૪/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ લોન મંજુર નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.ડી.પી.ઉનડકટ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૨૫/૨૦૨૩

**શાહીબાગઃ** અનિશકુમાર દિલીપકુમાર શાહ (રહે.રામવાટીકા, ઈન્ડીયન બેંક સામે, ગીરધરનગર શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૩ કલાક ૧/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૨,૦૦૦/- બ્લુટુથ કિંમત રૂપિયા ૫૦૦/- અને અગત્યના દસ્તાવેજો તથા સાહેદ ડૉ.કૃણાલ દિનેશભાઈ અગ્રવાલનું બેગ કે જેમાં ડેલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા એક્ષપેકટ વિઝન કંપનીનુ આર.વી.જી સેન્સર કેબલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.આર.એન.ચુડાસમા ચલાવે છે.

**જૈન દેરાસરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૬/૨૦૨૩**

**પાલડીઃ** કલ્પેશભાઈ હસમુખભાઈ શાહ (રહે.વિતરાગ સોસાયટી પી.ટી.કોલેજ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૩ સાંજના ૭/૪૫ થી તા.૧૯/૧૦/૨૦૨૩ કલાક ૫/૧૫ વાગ્યા દરમ્યાન પાલડી પી.ટી.કોલેજ રોડ વિતરાગ સોસાયટી ખાતે આવેલ જૈન દેરાસરમાં જીનાલયના બે દરવાજાના નકુચા તોડી, અજાણી વ્યક્તિ જીનાલયમાં પ્રવેશ કરી, દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૭/૨૦૨૩**

**બોડકદેવઃ** મનોજભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૪૭)(રહે,રઘુકુલ બંગ્લોઝ, ગુલાબ ટાવર પાસે થલતેજ)એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સોલા સાયન્સ સીટી રોડ એન્સ્ટીન બિલ્ડીંગ દુકાન નંબર-૦૫ ખાતે આવેલ પોતાની દુકાનમાં કામ કરતો આરોપી વિક્રમ નંદલાલ રાવલ (રહે.પારીજાત વિશ્વાસ, એસ.પી.રીંગ રોડની બાજુમા વટવા મુળ વતનઃ-વિઠ્ઠલ પ્લાઝા સાગરલી રોડ,બોરીવલી ઈસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર) તા.૧૯/૧૦/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા મનોજભાઇની દુકાનમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૮/૨૦૨૩**

**બાપુનગરઃ** વિશાલભાઇ ભરતભાઇ ગાંધી (ઉ.વ.૩૪)(રહે.હરીકૃપા એપાર્ટમેન્ટ પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ કેનાલની બાજુમા કૃષ્ણનગર) તા.૧૮/૧૦/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડીયા કોલોની બ્રીજ નીચે એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ વિશાલભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વિશાલાભાઇ ગાંધીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૯/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** દર્શકભાઇ નીતીનભાઈ પારેખ (રહે.શીતલ વેસ્ટપાર્ક રેસીડેન્સી, અમદાવાદ વન મોલ પાસે વસ્ત્રાપુર) એ તા.૧૦/૧૦/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગે વસ્ત્રાપુર હીમાલયા મોલ પાસે “શ્રીજી ટાવર” ના પાર્કિંગમાં પોતાની સ્કોર્પિયો કાર નંબર જીજે.૦૧.એચએક્સ. ૧૧૩૪ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દર્શકભાઇ પારેખ એ તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૦/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સરખેજ શાંતિપુરા મેલડીમાના મંદિરની બાજુમાં સનાથલ ટોલટેક્સ સામે મનમોહનનગર ખાતે રહેતા રવિભાઈ રામાભાઈ સલાટ નાઓનો દસ વર્ષનો પુત્ર ભરત તા.૧૯/૧૦/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ભંગારના ડેલા પાછળ રમતો હતો ત્યારે ડમ્પર નંબર જીજે ૩૮ ટી ૮૯૪૫ ના ચાલકે ડમ્પર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા ભરતનુ સ્થળ ઉપર જ મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર ભરતના પિતા રવિભાઈ સલાટ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૧/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** રામબહાદુર સ/ઓ સેતે વાઠાકામી (ઉ.વ.૩૯)(રહે.અપોલો જુનિયર સ્કુલમા, નાયરા પેટ્રોલ પંપ પાસે, ગોતા મૂળ વતનઃ ગામ-સાતમૂલે, નગરપાલિકા-ગુરૂબાકોટ, મેહેલકુના-૦૬, સુરખેત, નેપાળ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૩ સવારના ૪/૩૦ વાગ્યાના સુમારે અપોલો જુનિયર સ્કુલના ધાબા ઉપર આર.ઓ.પ્લાન્ટના શેડની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લખાભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** કુલસુમબાનુ વા/ઓ મોહંમદહુસેન શેખ (ઉ.વ.૪૪)(રહે.સાઇડ એન્ડ સર્વિસના છાપરા, પાંચપીરની દરગાહ પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વા.સા.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ કુલસુમબાનુને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** આશાબહેન કિશનભાઇ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.સત્યમનગર સોસાયટી, ઘર નંબર-૫, ક્રિશ્ચયન સોસાયટીની બાજુમાં, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે કર્ણ મુક્તેશ્વર એપાર્ટમેન્ટ કાંકરીયા તેમના માતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવમાં હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૦/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી